


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 063
Dt.: 06-01-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa


### સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો

## મેરિટમાં આગળ હોય તો જનરલ કેટેગરીની નોકરીમાં પણ SC/ST/OBCનો હક

### રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો અનામત વર્ગનો કોઈ ઉમેદવાર જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધુ માર્કસ મેળવે છે, તો તેને શોર્ટ લિસ્ટિંગ વખતે ઓપન કેટેગરીનો ગણવો જોઈએ. રાજસ્થાન હાઈકોર્ટના નિર્ણયને યથાવત્ રાખતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, યોગ્યતા ધરાવતા ઉમેદવારોને માત્ર તેમની અનામત શ્રેણી પૂરતા સીમિત રાખી શકાય નહીં. આ ચુકાદાથી સરકારી ભરતીઓમાં મેરિટ ને વધુ પ્રાધાન્ય મળશે અને તેજસ્વી ઉમેદવારો સાથે થતો અન્યાય અટકશે.

ઓગસ્ટ ૨૦૨૨માં રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા જુનિયર જ્યુડિશિયલ આસિસ્ટન્ટ અને ક્લર્ક ગ્રેડ-II ની ૨,૭૫૬ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ હતી. આ પ્રક્રિયામાં ૩૦૦ માર્કસની લેખિત પરીક્ષા અને ૧૦૦ માર્કસની ટાઈપિંગ ટેસ્ટ નક્કી કરવામાં આવી હતી. નિયમ મુજબ, દરેક કેટેગરીમાં ખાલી જગ્યા કરતા ૫ ગણા ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવાના હતા.

મે ૨૦૨૩માં તેનું પરિણામ આવ્યું, ત્યારે ચોંકાવનારી વિગત સામે આવી કે જીઝ, OBC, MBC અને EWS કેટેગરીના કટ-ઓફ જનરલ કેટેગરી કરતા પણ ઊંચા ગયા હતા. આ કારણે ઘણા એવા ઉમેદવારો લિસ્ટમાંથી બહાર થઈ ગયા જેમના માર્કસ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે હતા, પરંતુ તેમની પોતાની અનામત શ્રેણીના ઊંચા કટ-ઓફને કારણે તેઓ ટાઈપિંગ ટેસ્ટ માટે ક્વોલિફાય ન થઈ શક્યા.

આ અરજી મુદ્દે રાજસ્થાન હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે જે ઉમેદવારોએ કોઈ પણ વધારાની છૂટછાટ વગર જનરલ કેટેગરી કરતા વધુ માર્કસ મેળવ્યા છે, તેમને ઓપન કેટેગરી માં જ ગણવા જોઈએ.

આ અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આ નિર્ણયને યથાવત્ રાખતા કહ્યું કે, 'ઓપન કેટેગરી એ કોઈ અનામત ક્વૉટા નથી. તે તમામ ઉમેદવાર માટે માત્ર મેરિટના આધારે ખુલ્લી છે.

જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર ક્ષમતા પર વધુ માર્કસ લાવે છે, તો તેને જનરલ કેટેગરીમાં જ સ્થાન મળવું જોઈએ.'

આ ચુકાદા બાદ, હવે ભરતી બોર્ડે પહેલા જનરલ કેટેગરીનું મેરિટ લિસ્ટ તૈયાર કરવું પડશે. જે ઉમેદવારો તેમાં સ્થાન પામશે, તેમને અનામત યાદીમાંથી બહાર રાખીને બાકીની અનામત બેઠકો ભરવી પડશે. આ નિર્ણયથી એવા સેંકડો ઉમેદવારોને ફાયદો થશે, જે પ્રતિભાશાળી હોવા છતાં ટેકનિકલ કારણસર ભરતીમાંથી બહાર નીકળી જતા હતા.છતા જાળવી રાખે, તો તેની અનામત કેટેગરીને બદલે ઓપન કેટેગરીમાં જ નિમણૂક મળવી જોઈએ.



### શરૂ કરી પોતાની એથ્લીટ મેનેજમેન્ટ ફર્મ

## નીરજ ચોપરાએ JSW સ્પોર્ટ્સ સાથે છેડો ફાડ્યો

**નીરજે જણાવ્યું હતું કે આ પ્રકરણના અંત સાથે તે તેના એ જ મૂલ્યોને તેની કારકિર્દીના આગલા તબક્કામાં આગળ લઈ જઈ રહ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સ્ટાર એથ્લીટ નીરજ ચોપરા અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાએ JSW સ્પોર્ટ્સ સાથેની લગભગ દાયકા જૂની ભાગીદારીનો અંત લાવ્યો છે. તેણે પોતાની એથ્લીટ મેનેજમેન્ટ કંપની વેલ સ્પોર્ટ્સ પણ શરૂ કરી છે.

નીરજ ચોપરા ૨૦૧૬થી JSW સ્પોર્ટ્સ સાથે છે, આ સમય દરમિયાન તેની કારકિર્દી નવી ઊંચાઈએ પહોંચી છે. તેના નિર્ણય અંગે ૨૭ વર્ષીય નીરજએ કહ્યું, "છેલ્લા દાયકામાં અમારી યાત્રા વૃદ્ધિ, વિશ્વાસ અને સિદ્ધિઓથી ભરેલી રહી છે. JSW સ્પોર્ટ્સે તેની કારકિર્દીને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તે હંમેશા તેમના સમર્થન અને દ્રષ્ટિકોણ માટે આભારી રહેશે."

નીરજે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકરણના અંત સાથે તે તેના એ જ મૂલ્યોને તેની કારકિર્દીના આગલા તબક્કામાં આગળ લઈ જઈ રહ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો પરસ્પર સંમતિથી અલગ થઈ રહ્યા છે.

JSW સ્પોર્ટ્સના CEO દિવ્યાંશુ સિંહે કહ્યું, "નીરજ સાથે કામ કરવું અમારા માટે એક અદ્ભુત અનુભવ રહ્યો છે. તેની સફળતા શ્રેષ્ઠતા અને હેતુના અમારા સહિયારા દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે." અમે સાથે મળીને જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેના પર અમને ખૂબ ગર્વ છે અને ભવિષ્યમાં તેને શુભકામનાઓ પાઠવીએ છીએ.

નોંધનીય છે કે નીરજ ચોપરાએ ૨૦૨૧ ટોક્યો ઓલિમ્પિકમાં ટ્રેક એન્ડ ફિલ્ડમાં ભારતનો પ્રથમ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ત્યારબાદ તેણે ૨૦૨૩ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ અને ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

વૈશ્વિક મંચ પર તેણે અનેક પોડિયમ ફિનિશ કર્યા છે. નીરજ હવે આ વર્ષની એશિયન ગેમ્સ અને આગામી ઓલિમ્પિક ગેમ્સ પર નજર રાખી રહ્યો છે.

## રેલવેએ ટિકિટ બુકિંગ નિયમોમાં કર્યો મોટો બદલાવ: આધાર લિંક વગર સવારે ૮થી ૪ ટિકિટ બુક નહીં થાય

### એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ટ્રેન ટિકિટ બુકિંગ શરૂ થાય તે પહેલા દિવસ માટે જ લાગુ પડે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રેલવેમાં ટિકિટ બુકિંગના નિયમોમાં એક મોટો ફેરફાર આજથી અમલમાં આવ્યો છે. જો તમારું આધાર કાર્ડ તમારા IRCTC એકાઉન્ટ સાથે લિંક નથી તો તમે આજથી ૫ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટ્રેન ટિકિટ બુક કરી શકશો નહીં. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ નિયમ ફક્ત ટ્રેન ટિકિટ બુકિંગ શરૂ થાય તે પહેલા દિવસ માટે જ લાગુ પડે છે.

તમારી માહિતી માટે રિઝર્વ ટિકિટ બુકિંગ ટ્રેનની ઉપડવાની તારીખના ૬૦ દિવસ પહેલા ખુલે છે. ભારતીય રેલવે આ નિયમોને ત્રણ તબક્કામાં લાગુ કરી રહી છે. પહેલો તબક્કો ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો અને બીજો તબક્કો આજથી અમલમાં આવ્યો છે. આ નિયમો હેઠળ, ૨૯ ડિસેમ્બરથી શરૂ કરીને, IRCTC વપરાશકર્તાઓ માટે ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું હતું જેમના એકાઉન્ટ્સ ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી આધાર સાથે લિંક નથી. આજથી, ૮ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી ટિકિટ બુકિંગ સ્થગિત કરવામાં આવ્યું છે.

IRCTCના નવા નિયમો અનુસાર, ૫ જાન્યુઆરીથી શરૂ થતા ફક્ત એવા વપરાશકર્તાઓ કે જેમણે પોતાનું ID આધાર કાર્ડ સાથે લિંક કર્યું છે તેઓ જ સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ટિકિટ બુક કરાવી શકશે. જોકે, આ નિયમ ટ્રેન ટિકિટ બુક કરાવવા માટે ૬૦ દિવસની મુદતના પહેલા દિવસે લાગુ પડે છે.

ટ્રેન માટે એડવાન્સ ટિકિટ બુકિંગ ૬૦ દિવસ અગાઉથી શરૂ થાય છે. ભારતીય રેલવે (IRCTC) એ આ નિયમ ત્રણ તબક્કામાં લાગુ કર્યો છે.

વધુમાં, ૧૨ જાન્યુઆરીથી સવારે ૮ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી જે વપરાશકર્તાઓના IRCTC એકાઉન્ટ્સ આધાર સાથે લિંક નથી તેઓ ટિકિટ બુક કરી શકશે નહીં. આ નિયમ લાગુ કરવાનો હેતુ પારદર્શિતા લાવવાનો છે જેથી સાચા મુસાફરોને ટિકિટ બુક કરવાની તક મળે. આ નિયમના અમલીકરણથી ટિકિટ બ્રોકરોના નકલી એકાઉન્ટ્સ દ્વારા ટિકિટ બુકિંગ અટકાવવામાં નોંધપાત્ર મદદ મળશે. આ જાહેરાત બાદ, મુસાફરોને શરૂઆતના દિવસે ટિકિટ મેળવવામાં સરળતા રહેશે. સામાન્ય વપરાશકર્તાઓને આ નિયમનો લાભ મળશે. તેમને ટિકિટની સંપૂર્ણ ઍક્સેસ મળશે. વધુમાં, કાઉન્ટર પર ટિકિટ બુક કરતી વખતે પણ OTP જરૂરી રહેશે. આ હેતુ માટે તમારો મોબાઈલ નંબર આધાર સાથે લિંક હોવો આવશ્યક છે.

## અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની અસર સોના-ચાંદી પર પણ જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા-વેનેઝુએલાની ઘમસાણની સીધી અસર સોના-ચાંદીના ભાવ પર પડી છે. અમેરિકાએ વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરવાના અને બંને દેશો વચ્ચે સૈન્ય ઘર્ષણના સમાચાર સામે આવ્યા બાદ રોકાણકારો સતર્ક થઈ ગયા છે, જેના કારણે આજે પાંચમી જાન્યુઆરીએ સોના-ચાંદીની કિંમતોમાં રૉકેટ વધારો થયો છે. વૈશ્વિક ટેન્શનને ધ્યાને રાખીને રોકાણકારોએ શેર માર્કેટથી દૂર રહેવાનો અને સોના-ચાંદીમાં સુરક્ષિત રોકાણ કરવાનું વલણ અપનાવ્યું છે. સુરક્ષિત રોકાણ કરનારાઓએ સોનાનો ભાવ રૂ.૧.૩૭ લાખ અને ચાંદીની કિંમત રૂ.૨.૪૩ લાખ પર પહોંચાડી દીધી છે.

MCX પર 'ગોલ્ડ ફેબ્રુઆરી ફ્યૂચર'માં આજે જોરદાર વધારો જોવા મળ્યો છે. બપોરે દોઢ વાગ્યે પ્રતિ ૧૦ ગ્રામ સોનાની કિંમત ૧.૪૭ ટકા વધીને ૧,૩૭,૭૫૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. જોકે આ આંકડો ડિસેમ્બર-૨૦૨૫ના રેકોર્ડ લેવલથી ૧,૪૦,૪૬૫ રૂપિયા નીચે છે. આજે ચાંદીના ભાવમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે.

### મુસ્તફિઝુર રહેમાનને હટાવ્યા બાદ બાંગ્લાદેશનો નિર્ણય

## બાંગ્લાદેશે IPLનું પ્રસારણ અને સ્ટ્રીમિંગ સ્થગિત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

IPL 2026માંથી મુસ્તફિઝુર રહેમાનને છૂટો કરાતા બાંગ્લાદેશમાં આ મુદ્દો હવે વધુ વકરી રહ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમમાંથી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને મુક્ત કર્યા બાદ બાંગ્લાદેશ સરકારે ૫ જાન્યુઆરીના રોજ દેશમાં IPLનું પ્રસારણ અને સ્ટ્રીમિંગ અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધું હતું. બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. બાંગ્લાદેશ સરકારે તેના આદેશમાં જણાવ્યું હતું કે, "આ બાબતને ધ્યાનમાં રાખીને, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) તરફથી એક નિર્દેશ જારી કરવામાં આવ્યો છે, જેમાં ૨૬ માર્ચ, ૨૦૨૬થી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ક્રિકેટ ટુર્નામેન્ટ માટે કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી બાંગ્લાદેશના સ્ટાર ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને બાકાત રાખવામાં આવ્યો છે."

આદેશમાં વધુમાં જણાવાયું છે કે ભારતીય ક્રિકેટ બોર્ડના નિર્ણયનું કોઈ તર્ક જાણીતું નથી અને બાંગ્લાદેશના લોકો આ નિર્ણયથી દુઃખી છે. આ સંજોગોમાં આગામી આદેશો સુધી તમામ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) મેચો અને ઈવેન્ટ્સનું પ્રસારણ બંધ કરવા વિનંતી કરવામાં આવે છે. આ આદેશ યોગ્ય સત્તાવાળાની મંજૂરીથી અને જાહેર હિતમાં જારી કરવામાં આવ્યો છે. શનિવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ કોલકાતા નાઈટ રાઈડર્સને તાજેતરના તણાવને ધ્યાનમાં રાખીને મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી છૂટો કરવાનો આદેશ આપ્યો હતો. તાજેતરના દિવસોમાં બાંગ્લાદેશમાં હિન્દુ હત્યાના અનેક બનાવો નોંધાયા છે, જેના કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો છે. KKRએ ૧૬ ડિસેમ્બરના રોજ યોજાયેલી મીની ઓક્શનમાં બાંગ્લાદેશી ક્રિકેટરને ૯.૨૦ કરોડમાં ખરીદ્યો હતો.

### કહ્યું- 'હું મારી માતાની સોગંધ ખાઈને કહું છું કે...'

## અમેરિકાના હુમલા બાદ હવે માદુરોના પુત્ર મેદાને આવ્યા

### 'ઈતિહાસ બતાવશે કે, ગદ્દાર કોણ છે, ઈતિહાસ તેનો ખુલાસો કરશે અમે તેને જોઈશું: પુત્ર ગુએરા

(સંપૂર્ણ સમાચાર સેવા)વેનેઝુએલા

વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કર્યા બાદ પુત્ર ગુએરાએ વિરોધીઓને આકરા શબ્દોમાં ચેતવણી આપી છે. ગુએરાએ કહ્યું કે, 'ઈતિહાસ બતાવશે કે ગદ્દાર કોણ છે. વેનેઝુએલાના કેટલાક લોકોએ દગો આપ્યો છે, જેમને આગામી સમયમાં ખુલ્લો પાડી ન્યાય કરીશું.'

માદુરોના પુત્ર ગુએરાનો સોશિયલ મીડિયા પર ઓડિયો સંદેશ વાયરલ થયો છે, જેમાં તેણે કહ્યું છે કે, 'ઈતિહાસ બતાવશે કે, ગદ્દાર કોણ છે. ઈતિહાસ તેનો ખુલાસો કરશે અમે તેને જોઈશું. અમે ઠીક છીએ, શાંત છીએ. અમે રસ્તાઓ પર આવીને વિરોધ કરીશું. વિરોધીઓ અમને નબળા પાડવા માંગે છે. અમે સમ્માન અને ગરિમાના ઝંડા લહેરાવીને રહીશું. આ પરિસ્થિતિના કારણે અમને દુઃખ થયું છે, અમને ગુસ્સો આવ્યો છે, પરંતુ હવે તેઓ ફરી આવું નહીં કરી શકે. આવી કાર્યવાહી સામે ધિક્કાર છે. હું મારું જીવન અને મારી માતાની કસમ ખાઉં છું, હવે તેઓ ફરી આવું નહીં કરી શકે..

માદુરોના પુત્રએ કહ્યું કે, તેમણે એકતા મજબૂત કરવા માટે તેમના સમર્થકોને ચાર અને પાંચમી જાન્યુઆરીએ જાહેર આંદોલનમાં ભાગ લેવા આહવાહન કર્યું છે. ગુએરાએ અમેરિકાની કાર્યવાહીની નિંદા કરી કહ્યું કે, આપણે બહારના આક્રમણોને જવાબ આપવા માટે રાજકીય અને સૈન્ય વચ્ચે સંકલન ઉભુ કરવાની જરૂર છે. તેમણે પિતા મદારોને કસ્ટડીમાંથી મુક્ત કરવા અને તેમને વેનેઝુએલા પરત મોકલવા અમેરિકાની માંગ કરી છે. માદુરો ગુએરા લા ગુએરા રાજ્યના લોમેકર છે અને તેઓ સત્તાધારી યુનાઈટેડ સોશલિસ્ટ પાર્ટી (PSUV)ના સભ્ય પણ છે. અમેરિકાની યાદીમાં ધ પ્રિન્સના નામથી જાણિતા ગુએરાનું નામ સામેલ છે. વેનેઝુએલાના ડ્રગ ઓપરેશનમાં ગુએરાની ભૂમિકા હોવાનો અમેરિકન રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે. અમેરિકન ફેડરલ પ્રોસિક્યૂટરે માદુરોના પુત્રને મોટા ડ્રગ્સ નેટવર્કનો મુખ્ય આરોપી ગણાવ્યો છે. અમેરિકન રિપોર્ટ મુજબ ગુએરા પર વેનેઝુએલાથી અમેરિકા સુધી કોકેઈન પહોંચાડવા માટે સરકારી સંપત્તિઓ, સેનાના કર્મચારીઓ અને રાજકીય શક્તિનો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કરાયો છે. ઉલ્લેખની છે કે, ૩ જાન્યુઆરી, ૨૦૨૫ની રાતે અમેરિકન સૈન્ય દળોએ માદુરો અને એમના પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કરી લીધી હતી. માદુરો પર નાર્કો-ટેરરિઝમ અને ડ્રગ્સ તસ્કરીનું ષડયંત્ર રચવાનો આક્ષેરપ કરાયો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરીને ધરપકડની પુષ્ટિ કરીને તેને 'મોટી સફળતા' જાહેર કરી હતી. માદુરોને ન્યૂ યોર્ક ખાતે ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે. હવે તેમણે કોર્ટ કેસનો સામનો કરવો પડશે. તેમને આજીવન કેદની સજા થવાની શક્યતા છે.




# તંત્રી લેખ......

## શક્તિશાળી દેશો નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે

આજે, આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા નબળી પડી રહી છે. ઘણા દેશો ખુલ્લેઆમ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય કાયદો બધા દેશો પર સમાન રીતે લાગુ થઈ રહ્યો નથી. દેશો હવે ફક્ત પોતાના હિતોના આધારે નિર્ણયો લઈ રહ્યા છે. વિશ્વભરમાં યુદ્ધ અને હિંસા વધી ગઈ છે. જે દેશો એક સમયે નિયમો આધારિત વિશ્વ વ્યવસ્થાની હિમાયત કરતા હતા તે જ દેશો હવે વૈશ્વિક વ્યવસ્થા માટે ખતરો બની રહ્યા છે.

નિયમો આધારિત વિશ્વ વ્યવસ્થાના મૂળભૂત ઉદ્દેશ્યો સાર્વભૌમત્વનો આદર, પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ, વિવાદોનું શાંતિપૂર્ણ નિરાકરણ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન હતા. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ - સંયુક્ત રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રીય ન્યાયાલય, વિશ્વ વેપાર સંગઠન અને બહુપક્ષીય સંધિઓ - આ વ્યવસ્થાના મજબૂત સ્તંભો હતા. જો કે, આજે પરિસ્થિતિ એવી છે કે નિયમોનું પાલન ત્યારે જ થાય છે જ્યારે તે શક્તિશાળી દેશોના હિતોને પૂર્ણ કરે છે.

જ્યાં હિતો ટકરાતા હોય છે, ત્યાં નિયમોનું અર્થઘટન અથવા અવગણના કરવામાં આવે છે. વેનેઝુએલા અને ઈરાનમાં બનેલી ઘટનાઓ દર્શાવે છે કે કેવી રીતે આર્થિક પ્રતિબંધો અને બાહ્ય શક્તિઓ દ્વારા ખુલ્લી દખલગીરી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ઘાતક હથિયાર બની ગઈ છે.

વેનેઝુએલાના કિસ્સામાં, આંતરિક રાજકીય કટોકટી અને લોકશાહીના બહાના હેઠળ, બાહ્ય શક્તિઓએ રાજકીય બાબતોમાં ખુલ્લેઆમ દખલગીરી કરી નથી, પરંતુ શાસન પરિવર્તનને પ્રોત્સાહન આપવાની નીતિ પણ અપનાવી છે. સરકારની કાયદેસરતાને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર પડકારવામાં આવી છે, સમાંતર શક્તિ માળખાને માન્યતા આપવામાં આવી છે, અને તેલ, નાણાકીય વ્યવહારો અને વિદેશી રોકાણ પર ગંભીર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.

તેવી જ રીતે, ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધો આંતરરાષ્ટ્રીય કાયદામાં સમાનતા અને ન્યાયીપણાના સિદ્ધાંતો વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ઈરાન એનપીટી પર હસ્તાક્ષર કરનાર છે અને તેણે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની દેખરેખ વ્યવસ્થાને સતત સ્વીકારી છે. આ હોવા છતાં, તેના પર લાદવામાં આવેલા એકપક્ષીય અને બહુપક્ષીય પ્રતિબંધોની ગંભીરતા દર્શાવે છે કે નિયમોનું અર્થઘટન રાજકીય હિતો અનુસાર કરવામાં આવે છે. આ પ્રતિબંધોએ વેનેઝુએલા અને ઈરાનની પહેલાથી જ નબળી પડી ગયેલી અર્થવ્યવસ્થાઓ પર સીધી અસર કરી છે.

તેલ નિકાસ પર આધારીત દેશની વિદેશી હૂંડિયામણ કમાણી ઘટી ગઈ છે, ફુગાવો વધી ગયો છે અને મૂળભૂત ચીજવસ્તુઓ દુર્લભ બની ગઈ છે. આરોગ્ય સેવાઓ તૂટી પડી છે, કુપોષણ વધ્યું છે, અને લાખો નાગરિકોને વધુ સારા જીવનની શોધમાં દેશ છોડવાની ફરજ પડી છે. આ ધારણાને મજબૂત બનાવે છે કે નિયમો-આધારિત વૈશ્વિક વ્યવસ્થાની મૂળભૂત ભાવના - સમાનતા, ન્યાય અને સાર્વભૌમત્વ માટે આદર - ખોવાઈ રહી છે. વિશ્વ ઝડપથી બહુધ્રુવીય માળખા તરફ આગળ વધી રહ્યું છે, જેમાં પ્રાદેશિક શક્તિઓ વધુ અડગ બની રહી છે. આવા સમયે, ભારત, જે વ્યૂહાત્મક સ્વાયત્તતા, સંવાદ અને બહુપક્ષીયતામાં માને છે, તે સંતુલિત ભૂમિકા ભજવી શકે છે. છેલ્લા દાયકામાં, ભારતે તેની વિદેશ નીતિ નાગરિક-કેન્દ્રિત અને માનવતાવાદી અભિગમ પર આધારિત રાખી છે. વૈશ્વિક સંઘર્ષો અને ધ્રુવીકરણ પામેલા આંતરરાષ્ટ્રીય રાજકારણ વચ્ચે, ભારતે એક બાજુ કડક વલણ અપનાવવાને બદલે સંઘર્ષમાં સામેલ તમામ પક્ષો સાથે વાતચીત જાળવી રાખવાની નીતિ અપનાવી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૯૯૪ અને ચાંદીના વાયદામાં રૂ.૭૨૮૩નો ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૭ની તેજી

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૭૬૬૨.૬૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૦૪૩૦.૭૧ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૧૩૩૭.૬૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૭૩૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૮૧૧૮.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૭૬૬૨.૬૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૦૦૪૩૦.૭૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૭૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૧૫.૧૩ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૧૩૩૭.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૩૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૨૦૦ અને નીચામાં રૂ.૧૩૬૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૩૫૭૬૧ના આગલા બંધ સામે રૂ.૧૯૯૪ વધી રૂ.૧૩૭૭૫૫ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૧૦ વધી રૂ.૧૧૨૮૩૦ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૧૨ વધી રૂ.૧૪૧૦૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૯૮ વધી રૂ.૧૩૫૪૯૫ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૮૩૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૭૮૭ અને નીચામાં રૂ.૧૩૭૫૦૨ના મથાળે અથડાઈ, રૂ.૧૩૬૭૭૭ના આગલા બંધ સામે રૂ.૧૫૭૩ વધી રૂ.૧૩૮૩૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૪૦૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૯૯૦૦ અને નીચામાં રૂ.૨૪૧૨૨૩ના મથાળે અથડાઈ, રૂ.૨૩૬૩૧૬ના આગલા બંધ સામે રૂ.૭૨૮૩ વધી રૂ.૨૪૩૫૯૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૭૭૮ વધી રૂ.૨૪૫૫૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૬૭૧૪ વધી રૂ.૨૪૫૫૬૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૩૯૭૨.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧૬.૯ વધી રૂ.૧૩૦૪ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૨.૬૫ વધી રૂ.૩૦૯.૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૩૦૪.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.૧.૨ વધી રૂ.૧૮૪.૧ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૪૩૨.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૩૭૫ અને નીચામાં રૂ.૪૨૫૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૪ ઘટી રૂ.૪૨૬૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૧૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૦૬ અને નીચામાં રૂ.૫૧૦૧ના મથાળે અથડાઈ, રૂ.૫૧૫૫ના આગલા બંધ સામે રૂ.૪૭ વધી રૂ.૫૨૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૪૫ વધી રૂ.૫૨૦૨ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૬.૫ ઘટી રૂ.૩૧૬.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૬.૮ ઘટી રૂ.૩૧૬.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૧૭.૭ના ભાવે ખૂલી, રૂ.૩૧.૪ ઘટી રૂ.૧૦૧૦.૫ના સ્તરે પહોંચ્યો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૨૭૦ વધી રૂ.૨૫૮૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, રૂ.૫૪ વધી રૂ.૨૬૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૨૧૬.૩૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૧૨૧.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૩૩૬૮.૪૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૬.૫૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૩.૯૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૦.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૪૨.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૭૭૯.૯૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૭.૪૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૨૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૦૧૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૩૪૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૭૪૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૪૪૫૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૫૩૧૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૬૯૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૦૬૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૩૯૦૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૪૪૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૭૬૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૨૫૦૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૦૨૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૩૫૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૫૮ પોઈન્ટ વધી ૩૫૭૩૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૯ વધી રૂ.૧૧૦.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૪૫ ઘટી રૂ.૨૦.૦૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૬.૫ વધી રૂ.૧૮૫૦ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૩૦.૫ વધી રૂ.૯૦૦૪ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૮૭ વધી રૂ.૬૨.૯૯ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૮ વધી રૂ.૧૧.૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૭ ઘટી રૂ.૧૧૧.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૬ વધી રૂ.૧૮.૦૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૦ ઘટી રૂ.૪૯૮ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૧૯૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૮ ઘટી રૂ.૧૦૩૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૨૨ ઘટી રૂ.૧૩.૩૯ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૫૯ ઘટી રૂ.૬.૧ના ભાવે બોલાયો હતો.

## આઈશર ચોરી કરતી ગેંગનો પર્દાફાશઃ ટેમ્પો ચોરી કરી અંકલેશ્વરમાં કટિંગ કરી વેચતા ૫ શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની સચિન પોલીસે વાહનચોરીના ગુનાઓ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી આઈશર ટેમ્પોની ચોરી કરી તેને ભંગારમાં ફેરવી નાખતી ટોળકીના ૫ સભ્યોને પોલીસે દબોચી લીધા છે. આ શખ્સો અત્યંત શાતિર રીતે ચોરીના વાહનોના સ્પેરપાર્ટ્સ વેચીને કમાણી કરતા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગ સુરતમાંથી આઈશર ટેમ્પાની ચોરી કર્યા બાદ તેને તાત્કાલિક અંકલેશ્વર લઈ જતી હતી. ત્યાં અગાઉથી નક્કી કરેલા ભંગારના ગોડાઉનમાં ટેમ્પાને લઈ જઈ, ગેસ કટર વડે તેનું કટિંગ કરી નાખવામાં આવતું હતું. વાહનને છૂટું પાડી તેના એન્જિન, ટાયર અને લોખંડના ભાગોને ભંગારના ભાવે વેચી દેવામાં આવતા હતા, જેથી વાહનની ઓળખ થઈ શકે નહીં.

સચિન પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધરીને પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહી દરમિયાન ચોરી કરવામાં આવેલો આઈશર ટેમ્પો, છૂટા પાડેલા વાહનોના ટાયર અને અન્ય સ્પેરપાર્ટ્સ, કટિંગ કરવા માટે વપરાતા સાધનોનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૦૫/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૪૦૩૮ | ૧,૧૦૦.૦૦ | ૧,૮૩૦.૦૦ |
| ૨ | એરંડા | ૫૦ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૦૮.૦૦ |
| ૩ | ઘઉં | ૨૬૩ | ૫૦૦.૦૦ | ૫૨૦.૦૦ |
| ૪ | બાજરી | ૭ | ૪૦૧.૦૦ | ૪૪૩.૦૦ |
| ૫ | મકાઇ | ૪૯ | ૩૫૦.૦૦ | ૩૬૮.૦૦ |
| ૬ | જુવાર | ૩ | ૫૨૦.૦૦ | ૫૫૦.૦૦ |
| ૭ | અડદ | ૪૪ | ૮૦૦.૦૦ | ૧,૪૦૧.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૧૦ | કપાસ | ૬૦ | ૧,૫૦૦.૦૦ | ૧,૫૬૬.૦૦ |
| ૧૧ | સોયાબીન | ૧૭ | ૮૬૦.૦૦ | ૯૩૨.૦૦ |

મુનિમજી સોફ્ટવેર


### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ : સૌરાષ્ટ્ર – કચ્છ ૨૦૨૬

# કચ્છનો દરિયાકાંઠો 'બ્લૂ ઈકોનોમી'નું પાવરહાઉસ બનશે

### ૧૧ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન રાજકોટ ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં કચ્છ-સૌરાષ્ટ્રની સીવીડ ફાર્મિંગ ક્ષેત્રે હાંસલ સિદ્ધિઓને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરાશે

આવનારા સમયમાં દેશના આર્થિક ગ્રોથમાં બ્લૂ ઈકોનોમી મહત્વપૂર્ણ ભાગ ભજવશે. ગુજરાતને મળેલા વિશાળ દરિયા કિનારામાં કચ્છ સૌથી વધુ દરિયાનો વિસ્તાર ધરાવે છે. ત્યારે આવનારા સમયમાં દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં કચ્છ મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બ્લૂ ઈકોનોમી વિકસિત કરવા પર ભાર મુકતા તાજેતરમાં જ કહ્યું હતું કે, 'આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ, જ્યાં ગ્રીન પ્લેનેટના નિર્માણ માટે બ્લૂ ઈકોનોમી એક માધ્યમ બનશે.' ગુજરાતમાં દેશનો સૌથી લાંબો દરિયાકિનારો છે, જે દેશમાં બ્લૂ ઈકોનોમીના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. રાજ્યમાં મત્સ્ય ઉત્પાદનમાં વધારો કરવા અને માછીમારોને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે પણ વિવિધ પ્રોત્સાહક પગલાંઓ અને નીતિઓ અમલમાં મૂક્યા છે. તેના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં બીજા સ્થાન પર છે.

**બ્લૂ ઈકોનોમી એટલે શું ?**

બ્લૂ ઈકોનોમીનો અર્થ માત્ર માછીમારી કે જહાજવાડાથી જ નથી, પરંતુ સમુદ્ર આધારિત સમગ્ર આર્થિક માળખાનો સમાવેશ થાય છે. જેમાં મરીન બાયોટેક્નોલોજી, ગ્રીન એનર્જી, ગહન સમુદ્ર સંશોધન, ઈકો-ટુરિઝમ, પોર્ટ- લોજિસ્ટિક્સ અને સ્માર્ટ ફિશિંગ વગેરેનો સમાવેશ થાય છે. સાયન્સ અને ટેક્નોલોજી મંત્રીશ્રી ડો.જીતેન્દ્ર સિંહના કહેવા મુજબ, બ્લૂ ઈકોનોમી ભારતની હરિત વિકાસ યાત્રાનું નવો પાયો બની શકે છે. બંદરોને આધુનિક બનાવવાની સાથે વેપારમાં ઝડપ લાવવા સરકારે સાગરમાલા પ્રોજેક્ટ અમલી કર્યો છે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માછીમારી ક્ષેત્રમાં બ્લૂ રિવોલ્યુશન લાવી રહી છે. હરિત સાગર ગાઈડલાઈનસ ઝીરો કાર્બન ઉત્સર્જન તરફ મહત્વપૂર્ણ પગલું છે.

મત્સ્યઉદ્યોગનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધે તેમજ માછીમારોની આજીવિકામાં વધારો થાય તેવા હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રશ્રી મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના **(PMMSY)** સમગ્ર દેશમાં લાગુ કરી છે, જેમાં મત્સ્યોદ્યોગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, મત્સ્ય ઉત્પાદન, ઉત્પાદકતા અને ગુણવત્તાથી લઈને ટેક્નોલૉજી, પોસ્ટ-હાર્વેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટિંગ સુધીની ફિશરીઝ વેલ્યુ ચેઈનમાં રહેલી મહત્વપૂર્ણ ખામીઓને દૂર કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ વેલ્યુ ચેઈનને આધુનિક અને મજબૂત બનાવવાનો, ટ્રેસેબિલિટી એટલે કે શોધક્ષમતા વધારવાનો અને એક મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન માળખું સ્થાપિત કરવાની સાથે-સાથે માછીમારોનું સામાજિક-આર્થિક કલ્યાણ સુનિશ્ચિત કરવાનો છે.

**મત્સ્યપાલન ક્ષેત્રના વિકાસ માટે ગુજરાત સરકારના પ્રયાસો**

ગુજરાતના લાંબા દરિયાકિનારાની સંપૂર્ણ ક્ષમતાનો લાભ લેવા માટે રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રે અનેક પહેલો હાથ ધરી છે, જેમાં ડીઝલના વેટદરમાં ઘટાડો, કેરોસીન અને પેટ્રોલની ખરીદી પર સબસીડીની સુવિધા, ઝીંગા માછલીઓના પાલન માટે જમીન આપવી, રસ્તા અને વીજળીની સુવિધાઓ, નાના માછીમારો માટેના બંદરોની માળખાકીય સુવિધાઓમાં વધારો વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે નવા મત્સ્ય બંદરોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઘણી નવી પહેલો શરૂ કરી છે, જેમાં મત્સ્ય ઉછેર અને ઉત્પાદન માટે બાયોફ્લોક/ રિસર્ક્યુલેટિંગ એક્વાકલ્ચર સિસ્ટમ **(RAS)**ની સ્થાપનામાં સહાય, ઝીંગા તળાવની પૂર્વ તૈયારી માટે દવા અને મિનરલ તેમજ ખોરાક તરીકે આપવામાં આવતા પ્રોબાયોટિકની ખરીદી ઉપર સહાય, કેજ કલ્ચર માટે સહાય (ભાંભરાપાણી)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આધુનિક બોટ બિલ્ડીંગ યાર્ડની સ્થાપના ઉપર સહાય, બોટ માલિકો, મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ તથા મત્સ્ય વેપારીઓ માટે બ્લાસ્ટ ફ્રિઝર તથા કોલ્ડસ્ટોરેજ સ્થાપવા ઉપર સહાય, પરંપરાગત માછીમારો માટે હોડી (રિપ્લેસમેન્ટ) અને જાળી પ્રદાન કરવી, ફિશ બાય-પ્રોડક્ટ પ્રોસેસિંગ યુનિટ, સી-વીડ સીડ બૅન્કની સ્થાપના ઉપર સહાય, પમ્પ/ ફિશ /ક્રૅબ હેચરીની સ્થાપના ઉપર સહાય, સી-વીડ કલ્ચર વગેરે માટે પણ સહાય (રાફ્ટ/ટ્યુબ નેટ) આપવામાં આવશે.

**કચ્છમાં મત્સ્યોદ્યોગનો વિકાસ : જિલ્લાનું દરિયાઈ ઉત્પાદન ૫૯૨૧૩ મેટ્રિક ટન**

ગુજરાત મત્સ્ય ઉત્પાદનના ક્ષેત્રે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ રાજ્ય દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં બીજા ક્રમે અને કુલ મત્સ્ય ઉત્પાદનમાં છઠ્ઠા ક્રમે છે, જે રાજ્યની જળસંપત્તિની તાકાત દર્શાવે છે. ૪૦૬ કી.મી. જેટલો દરિયા કિનારો કચ્છ જિલ્લાને મળેલ છે. કે જે ગુજરાતના અન્ય જિલ્લા કરતા સૌથી વધારે ૨૫.૩૮ % ધરાવે છે. કચ્છ જિલ્લામાં બોટોમાં મુખ્યત્વે ગીલનેટ, ડોલનેટ, પટ્ટીજાળ તથા ચક્કર જાળ દ્વારા માછીમારી કરવામાં આવે છે. કચ્છ જિલ્લામાં મુખ્ય પાપલેટ, સુરમાઈ, ઝીંગા, લોબસ્ટર (ટીટણ) પલ્લી, પાલવા, રાઉસ, બોઇ-ગાંધીયા, કરચલા તેમજ અન્ય ઘણી પ્રજાતિઓની માછીમારી કરવામાં આવે છે, જે માર્કેટમાં ખૂબ ઊંચું મૂલ્ય ધરાવે છે. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખીને સરકારશ્રી દ્વારા ગુજરાતની તમામ બોટોમાં વિનામૂલ્યે ટ્રાન્સપોન્ડર ફીટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલી છે. કચ્છમાં કંડલા, જખૌ, મુન્દ્રા, માંડવી, તુણા સહિતના બંદર ધમધમી રહ્યા છે. જેમાં જખૌ મત્સ્ય બંદર છે.

કચ્છ જિલ્લાનું દરિયાઈ ઉત્પાદન : ૫૯૨૧૩ મેટ્રિક ટન (ગુજરાતનાં કુલ ઉત્પાદન નાં ૮.૪૦ %) કે જે રૂ.૧૬૫ પ્રતિ કિલો મુજબ રાજ્યે અંદાજે ૯૮૦૦૦ લાખનું હૂંડિયામણ કચ્છ જિલ્લામાંથી મેળવેલું છે. (વર્ષ ૨૦૨૩-૨૪ મુજબ), કચ્છ જિલ્લામાં સરકારશ્રીની યોજના જેવી કે, મત્સ્યોદ્યોગ તાલીમ, ગીલનેટ, પી.પી.રોપ, ઈન્સ્યુલેડેટ બોક્ષ, રેફ્રીજરેડ વાન, લાઈફ સેવિંગ ઈકવીપમેન્ટની ખરીદી જેવી વિવિધ યોજનાઓ હેઠળ છેલ્લા ૩ વર્ષમાં કુલ ૪૪૪ લાભાર્થીઓને કુલ રૂ. ૧૦૭.૮૦ લાખનું વિવિધ યોજનાઓમાં લાભાર્થીઓને સીધે-સીધું તેઓના ખાતામાં (ડીબીટી) થી ચૂકવણું કરવામાં આવેલ છે.

ગુજરાતમાં મત્સ્યોદ્યોગનો મજબૂત પાયો ગુજરાત તત્કાલિન ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી નખાયો હતો. તેમણે દરિયાકાંઠાના વિકાસને વેગ આપવા અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રની ક્ષમતાને ઓળખીને 'બ્લૂ ઈકોનોમી' ની ભારપૂર્વક હિમાયત કરી હતી. વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ પણ રાજ્ય સરકારે મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં નોંધપાત્ર અસરકારક પગલાં લીધાં છે. જે હેઠળ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના જખૌ બંદરમાં રૂ. ૧૨૧ કરોડના ખર્ચે આધુનિક સુવિધા વાળી જેટી તથા હાર્બર બનવા જઈ રહ્યું છે. તે જ રીતે અન્ય બંદરો પણ ગ્રીન એનર્જી, ઈકો-ટુરિઝમ, પોર્ટ- લોજિસ્ટિક્સ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યા છે.

ગુજરાત સરકારે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં સીવીડ ફાર્મિંગ( દરિયાઈ શેવાળની ખેતી) દ્વારા બ્લૂ રીવોલ્યુશનની શરૂઆત કરી છે. આ પહેલ દરિયાઈ સમુદાયો માટે નવી આર્થિક સમૃદ્ધિ લાવવાની સાથે દેશની બ્લૂ ઈકોનોમીને મજબૂત બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

ગુજરાત સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની બીજી આવૃતિ ૧૧ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રાજકોટ ખાતે યોજાશે. જેમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં સીવીડ ફાર્મિંગ ક્ષેત્રે હાંસલ કરેલી નોંધપાત્ર પ્રગતિને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરાશે. કચ્છના કિનારાથી લઈને દેવભૂમિ દ્વારકા નજીકની ઊંડી ખાડીઓ સુધીના અંદાજિત ૪૩૦ કિ.મી વિસ્તારમાં સી-વીડની ખેતી ઝડપથી વિકાસ પામી રહી છે. કચ્છની વાત કરીએ તો ભારત સરકારશ્રીનાં સીધા મોનીટરીંગ હેઠળ કચ્છનાં કોરી ક્રીક વિસ્તારમાં **CMFRI, CSMCRI** તથા ખાનગી ઉદ્યોગ સાહસિકો દ્વારા દરિયાઈ શેવાળ ગ્લેશીલેરીયા પ્રજાતિની ખેતી હાથ ધરવામાં આવેલી છે. દરિયાઈ શેવાળની ખેતીને પ્રોત્સાહન આપવા માટે ૧૫૦૦ માછીમારોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવેલી છે. તથા લાભાર્થીઓને કુલ ૩.૨૩ લાખની સહાય ચુકાવવામાં આવી છે. આમ, બ્લૂ ઈકોનોમી માત્ર અર્થતંત્રને નહી, સમાજને પણ મજબૂત કરે છે. મહિલાઓ માટે સી-વીડ ફાર્મિંગ અને ઈકો-ટુરિઝમ નવા દરવાજા ખોલી રહ્યું છે. યુવાનોને મરીન એન્જિનિયરિંગ અને ડેટા એનાલિટિક્સ જેવી નવી કૌશલ્ય તાલીમ આપવામાં આવી રહી છે. સ્ટાર્ટઅપ્સ સ્માર્ટ ફિશિંગ અને ગ્રીન લોજિસ્ટિક્સમાં નવા પ્રયોગ કરી રહ્યા છે.


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ (મો.૭૯૮૪૮૩૬૩૭૧)

પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક



RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307

Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# આદરજ મોટી–વિજાપુર રેલખંડનું સીઆરએસ પશ્ચિમ સર્કલ દ્વારા સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું





પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના આદરજ મોટી–વિજાપુર રેલખંડ (૩૯.૭૫ કિમી)નું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ રેલખંડનું સંરક્ષા નિરીક્ષણ (સેફ્ટી ઈન્સ્પેક્શન) રેલ સંરક્ષા આયુક્ત **(CRS)**, પશ્ચિમ સર્કલ દ્વારા ૨૯ અને ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ ટીમમાં શ્રી ઈ. શ્રીનિવાસ, રેલ સુરક્ષા આયુક્ત **(CRS)** (પશ્ચિમ સર્કલ), શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ, શ્રી પ્રદીપ ગુપ્તા, મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ), મુખ્ય ટ્રેક એંજિનિયર,મુખ્ય પરિચાલન પ્રબંધક (જી) તેમજ નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સામેલ હતા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આદરજ મોટી–વિજાપુર સેક્સનમાં નવી પરિવર્તિત બ્રોડ ગેજ રેલવે લાઈન પર ૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. આ દરમિયાન આશરે ૪૦ કિમીનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપવામાં આવ્યું. રેલ સુરક્ષા આયુક્ત **(CRS)** દ્વારા આ પરિવર્તિત બ્રોડ ગેજ રેલ લાઈનને યાત્રી પરિવહન માટે શરૂ કરતાં પહેલાં ટ્રેકની ગુણવત્તા, સિગ્નલિંગ, બ્રિજ, ઓવરહેડ ઈલેક્ટ્રિક **(OHE)** સિસ્ટમ, સુરક્ષા ધોરણો અને ટ્રેનની મહત્તમ સુરક્ષિત ઝડપની સંપૂર્ણ તપાસ કરવામાં આવી. તેમાં ટ્રેક ફિટિંગ, બેલાસ્ટ, સિગ્નલિંગ ઈન્ટરલોકિંગ, **OHE**ની ઊંચાઈ તથા અન્ય તમામ સુરક્ષા સંબંધિત પાસાઓની ખાતરી કરવામાં આવી. આ રેલખંડમાં કુલ ૦૧ મેજર બ્રિજ, ૪૪ માઈનર બ્રિજ અને ૩૫ રોડ અન્ડર બ્રિજ **(RUB)**નું નિર્માણ કરવામાં આવ્યું છે તથા આ રેલખંડમાં આદરજ મોટી ,રાંધેજા, ઉનાવા–વાસણ, મકાખડ, લોદરા અને વિજાપુર સ્ટેશનો સામેલ છે. આદરજ મોટી હાલમાં એક અસ્તિત્વમાં રહેલું દ્વિ-ગેજ જંક્શન સ્ટેશન છે, જ્યાંથી આદરજ મોટી–ગાંધીનગર–અમદાવાદ (બ્રોડ ગેજ) તથા આદરજ મોટિ–કડી–કટોસણ (બ્રોડ ગેજ) લાઈનો જોડાયેલી છે. ગેજ પરિવર્તન પહેલાં આદરજ મોટી–વિજાપુર એક અલગ મીટર ગેજ ખંડ હતો, જે હવે બ્રોડ ગેજમાં રૂપાંતરિત થઈ એકીકૃત રેલ નેટવર્કનો ભાગ બની ગયો છે. આ ગેજ પરિવર્તન પ્રોજેક્ટથી આદરજ મોટી–વિજાપુર વચ્ચે એકીકૃત બ્રોડ ગેજ રેલ વ્યવસ્થા ઉપલબ્ધ થશે. તેનાથી વિસ્તારમાં રોજગારના નવા અવસરો સર્જાશે, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસને ગતિ મળશે તથા પર્યાવરણ-અનુકૂળ, સતત અને ઝડપી રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત થશે. વધુ સારી પરિવહન સુવિધાથી દૈનિક મુસાફરો, પ્રવાસીઓ અને વ્યાપારિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે, જેના પરિણામે પ્રાદેશિક આર્થિક એકીકરણ મજબૂત બનશે.

# ૨૯મો રાષ્ટ્રીય યુવા મહોત્સવઃ ગુજરાતના ૭૬ યુવા પ્રતિભાઓ નવી દિલ્હી ખાતે 'વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ'માં રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે

કેન્દ્ર સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા દર વર્ષે ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે ૨૦૨૬માં, ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાના હેતુથી '૨૯મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું "વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ" **(VBYLD-2026)** તરીકે આયોજન કરવામાં આવ્યું છે.

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ગુજરાતના યુવાનોને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે વિવિધ સ્તરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં **VBYLD-2026** અંતર્ગત બીજા તબક્કામાં ડિજિટલ નિબંધ લેખનમાં કુલ ૧,૭૬૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમાંથી ૫૫૧ સ્પર્ધકોની પસંદગી ત્રીજા તબક્કામાં **PPT** પ્રેઝન્ટેશન ચેલેન્જ માટે કરવામાં આવી હતી, જેનું આયોજન **IITE,** ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

પસંદગી પ્રક્રિયાના અંતે નવી દિલ્હી ખાતેના રાષ્ટ્રીય મહોત્સવ માટે ગુજરાતના કુલ ૭૬ પ્રતિભાશાળી યુવાનોની પસંદગી કરવામાં આવી છે.

નવી દિલ્હી ખાતે યોજાનારા મહોત્સવમાં ગુજરાતના યુવાનો ચાર મુખ્ય ટ્રેકમાં પોતાની કલા અને કૌશલ્યનું પ્રદર્શન કરશે. જેમાં સાંસ્કૃતિક અને નવીનતા ટ્રેકમાં ૨૭ સ્પર્ધકો, વિકસિત ભારત ચેલેન્જ ટ્રેક ૪૫, ભારત માટે ડિઝાઈન ૧, સામાજિક કારણમાં હેક માટે ૩ એમ કુલ મળીને ૭૬ સ્પર્ધકો આગામી તા.૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિશેષ કાર્યક્રમમાં ભાગ લેશે. તેમનું મનોબળ વધારવા આગામી તા. ૦૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ લોકભવન ખાતે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત આ યુવાઓને મળીને વધુ પ્રોત્સાહિત કરશે અને રાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું ગૌરવ વધારવા માટે શુભેચ્છાઓ પાઠવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ મહોત્સવમાં ૧૫ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા યુવાનોમાં એકતા, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને રાષ્ટ્રીય એકીકરણની ભાવનાને વધુ મજબૂત બનાવશે.

- પ્રિન્સ ચાવલા

# વડોદરા ભાજપમાં આંતરીક જુથવાદ વિવાદ આવ્યો બહારઃ ભાજપમાં સર્જાયો ભુકંપ




પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં ભાજપમાં નવા હોદ્દેદારોની નિમણુંકને લઈને આંતરીક વિવાદ સપાટી પર આવ્યો છે. આ વિવાદ ત્યારે ઉગ્ર બન્યો જયારે પક્ષના એક જુના અને સંનિષ્ઠ કાર્યકર બિપીન પટેલે જાહેરમાં પોતાનો બળાપો ઠાલવ્યો. એક સન્માન કાર્યક્રમમાં તેમણે કટાક્ષ કરતા કહ્યુ કે વરસોથી કામકાજ કરીએ છીએ અને એનુ આ પરીણામ છે. આ વિરોધનો વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થયો છે. જેણે પક્ષમાં ચાલતી આંતરીક ખેંચતાણ છતી કરે છે,

વિવાદનો મુખ્યમુદ્દો વડોદરામાંથી પ્રદેશ સ્તરે થયેલી બે મહત્વની નિયુકિતઓ છે, વડોદરાના સાંસદને યુવા મોરચાના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ રસીક પ્રજાપતિને પ્રદેશ ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. વાંધો એ છે કે આ બંને ઉમેદવારો મુળ વડોદરાના વતની નથી આના કારણે સ્થાનિક જુના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બિપીન પટેલ જેમણે અગાઉ કિસાન મોરચાના પ્રમુખ, તાલુકા ઉપપ્રમુખ, જિલ્લા સહમંત્રી અને પ્રદેશ પ્રતિનિધી જેવી અનેક જવાબદારીઓ સંભાળી છે. તેમણે આ રોષને વાચા આપી, તેમ છતાં સેવા સંનિષ્ઠ કાર્યકરોને યોગ્ય સ્થાન ન મળતાં તેમણે જાહેરમાં અસંતોષ વ્યકત કર્યો છે. ભાજપના જિલ્લા કાર્યાલય, કમલમ ખાતે આયોજીત સન્માન કાર્યક્રમમાં જ બિપીન પટેલે સાંસદને સીધો સવાલ કર્યો હતો કે તમે સાંસદની જવાબદારી નિભાવશો કે પછી પ્રદેશ યુવા મોરચાના પ્રમુખની ? યુવા મોરચાના પ્રમુખ માટે આપ કેટલો સમય આપી શકશો ? આના જવાબમાં સાંસદે આ પદ તમે લઈ લો એવુ કહ્યુ હોવાનુ મનાય છે. આ જાહેરમાં થયેલા બળાપાના કારણે લગભગ બે મીનીટ સુધી સમગ્ર કાર્યાલયમાં સન્નાટો છવાઈ ગયો હતો. એવી અટકળો છે કે બિપીન પટેલે જે વાત કહી તે અનેક અન્ય કાર્યકરોની મનની વાત હતી. તેઓ કદાચ બિપીન પટેલને તેમના અવાજ રીતે જોતા હતા. આ ઘટના બાદ અન્ય કાર્યકર્તાઓમાં પણ આંતરીક ગણગણાટ શરૂ થઈ ગયો છે. આ કિસ્સો દર્શાવે છે કે પક્ષમાં નવા અને જુના કાર્યકરો વચ્ચે તેમજ સ્થાનિક અને બિન સ્થાનિક નેતાઓની નિમણુંકને લઈને અસંતોષ પ્રવર્તી રહ્યો છે. આ વિવાદ આગામી સમયમાં વડોદરા ભાજપમાં વધુ ચર્ચા જગાવે તેવી શકયતા છે.

### પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ ની સાથે સાથે બંગલો ખાલી કરી દેવાયો

# સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડમાં સંડોવાયેલ પૂર્વ કલેકટર મામલે ગાંધીનગર થી છુટયા આદેશ



પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડ મામલે સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઈડી એ ધરપકડ કર્યા બાદ રાજેન્દ્રકુમાર પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તત્કાલીન કલેકટર રાજેન્દ્ર પટેલ સામે ઈડી ની તપાસને લઈ કાર્યવાહી તેજ કરવામાં આવી રહી છે. પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલના બંગલે નેમ પ્લેટ બાદ હવે સરકારી બંગલો પણ ખાલી કરી દેવાના આદેશો છુટયા છે. રાજેન્દ્ર પટેલના ઘરનો સામાન વાહનોમાં ભરીને લઈ જવામાં આવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડનો કેસ મામલે ઈડી હવે યુદ્ધ ના ધોરણે તપાસનો ધમધમાટ આદરી રહી છે. તેવામાં સુરેન્દ્રનગરમાં ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડનો કેસ મામલે તત્કાલીન કલેકટર રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અત્રે જણાવી દઈએ કે ઈડી એ ૨ જાન્યુઆરીના રોજ રાજેન્દ્રકુમાર પટેલની તેમના બંગલામાંથી જ ધરપકડ કરી હતી. ત્યારબાદ સાંજે અમદાવાદ કોર્ટમા રજુ કરી ૧૦ દિવસના રીમાન્ડ ની માંગણી સામે કોર્ટે ૭ જાન્યુઆરી સુધીના રીમાન્ડ મંજુર કર્યા હતા. ઈડી એ સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે તેવામાં હવે સામાન્ય વહિવટ વિભાગે સુરેન્દ્રનગર ના પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલના સસ્પેન્શન ઓર્ડર બહાર પાડયો છે. રાજેન્દ્ર પટેલના બંગલે નેમ પ્લેટ બાદ હવે સરકારી બંગલો પણ ખાલી કરાવી દેવામાં આવ્યો છે. રાજેન્દ્ર પટેલનો ઘરનો સામાન વાહનોમાં ભરી લઈ જવાયો હોવાના અહેવાલો મળી રહ્યા છે. હાલ તેઓ ૭ જાન્યુઆરી સુધી ઈડી ની કસ્ટડીમાં છે.

સરકારી બંગલો ખાલી કરી દેવાયો છે. કરોડો રૂપીયાના જમીન કૌભાંડમાં સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર ડો. રાજેન્દ્ર પટેલ સામે મોટી કાર્યવાહી કરાઈ છે. સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરાયા છે. ઈડી એ ધરપકડ કરતા રાજેન્દ્ર પટેલને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સામાન્ય વહિવટ વિભાગે સસ્પેન્શન ઓર્ડર બહાર પાડયો હતો. હાલમાં પૂર્વ કલેકટરના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. કલેકટરના બંગલે નેમ પ્લેટ બાદ સરકારી બંગલો પણ ખાલી કરાવી દેવામાં આવ્યો છે. પૂર્વ કલેકટરનો સામાન વાહનોમાં ભરી અમદાવાદ ખાતે તેમના ફલેટ પર લઈ જવામાં આવ્યો છે.

એસીબી સુરેન્દ્રનગરમાં ઈડી ના અધિકારીઓએ સુરેન્દ્રનગર કલેકટર રાજેન્દ્ર મહેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેકટર ઓફીસના કલાર્ક મયુર ગોહિલ અને કલેકટરના અંગત મદદનીશ જયરાજસિંહ ઝાલા વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

### તબેલામાં ૨૦થી વધુ દૂધણી ગાયોનું રોજનું ૧૨૦ લીટરથી વધુ અમૃતતુલ્ય દૂધ ઉત્પાદન

# શોખથી શરુ થયેલી ગૌ સેવાએ આજે સાંતેજના મહેન્દ્રભાઈ પટેલને ગાંધીનગર જિલ્લાના "શ્રેષ્ઠ પશુપાલક"નું સન્માન અપાવ્યું

### તબેલામાં ૫ ઉચ્ચ ગુણવત્તાયુક્ત સાંઢ સહિત ૭૦ થી ૮૦ ગાયોનો વિશાળ પરિવાર; મોટાભાગની ગીર ગાય



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનું સાંતેજ ગામ. અહીંના ખેતરોમાં લહેરાતા ચારાની વચ્ચે એક એવો તબેલો છે, જે આજે પશુપાલન ક્ષેત્રે એક 'મોડેલ તબેલો' બની ગયો છે. આ સફળતા પાછળ રહેલી છે શ્રી મહેન્દ્રભાઈ પટેલની ૧૨ વર્ષની અવિરત મહેનત, પશુઓ પ્રત્યેનો તેમનો પ્રેમ અને કંઈક નવું કરવાની ખેવના.

વાત છે વર્ષ ૨૦૧૨ની, જ્યારે મહેન્દ્રભાઈ પટેલે માત્ર પોતાના પરિવારને શુદ્ધ દૂધ મળે અને તેમનો પશુપાલનનો શોખ પૂરો થાય તે હેતુથી માત્ર ૨ ગાય પાળી હતી. એ સમયે કોઈએ વિચાર્યું ન હતું કે, ગાયો પ્રત્યેનો તેમનો આ લગાવ એક દિવસ લાખોનું ટર્નઓવર કરતો વ્યવસાય બની જશે. સમયાંતરે મહેન્દ્રભાઈએ ગાયોની સંખ્યા વધારી અને આજે તેમના તબેલામાં ૫ ઉચ્ચ ગુણવત્તા ધરાવતા સાંઢ સહિત ૭૦ થી ૮૦ ગાયોનો વિશાળ પરિવાર છે, જેમાં મોટાભાગની ગુજરાતની દેશી ઓલાદ 'ગીર ગાય' છે.

મહેન્દ્રભાઈએ પશુપાલનને માત્ર ધંધો નહીં, પણ પશુઓને પોતાનો 'પરિવાર' ગણીને તબેલામાં અનેકવિધ નવીન પહેલ કરી છે. તેમણે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગાયોને તકલીફ ન પડે તે માટે તબેલામાં પંખા અને કૂલરની વ્યવસ્થા કરી છે. તેઓ માને છે કે, જો પશુ સુખી હશે, તો જ તે સુખ આપશે. આ ઉપરાંત તબેલામાં માખી કે જીવજંતુનો ત્રાસ ન થાય તે માટે મહેન્દ્રભાઈએ કુદરતી સિક્યુરિટી ગાર્ડ તરીકે ૧૫-૨૦ મરઘા પણ પાળ્યા છે. આ મરઘા તબેલામાં અને તેની આસપાસમાં રહેલા કીટકોને ખાઈ જાય છે, પરિણામે દવા વગર જ તબેલો જીવાતમુક્ત રહે છે.

મહેન્દ્રભાઈ ગાયોને માત્ર ઘાસ જ નહીં, પણ રચકો, ખોળ, કપાસિયા, ગોળ અને મકાઈનું મિશ્રણ કરીને એક 'બેલેન્સ્ડ ડાયેટ' આપે છે. એમાં પણ, ગાયોનો તમામ ચારો પાછો પોતાના જ ખેતરમાં કેમિકલ વગર પ્રાકૃતિક રીતે ઉગાડે છે, જેથી ગાયોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે. ગાયના છાણને પણ તેઓ વેડફવા નથી દેતા. છાણમાંથી વર્મી કમ્પોસ્ટ (અળસિયા ખાતર) બનાવીને મહેન્દ્રભાઈ તેનું અન્ય ખેડૂતોને વેચાણ કરે છે. આમ, દૂધથી લઈને છાણ સુધી સંપૂર્ણ તબેલો તેમની આવકનું માધ્યમ બન્યો છે.

મહેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, "ગૌ સેવા એ જ પ્રભુ સેવા છે. જો આપણે પશુઓના સ્વાસ્થ્ય અને આહારનું ધ્યાન રાખીએ, તો પશુપાલન એ ખેતી સાથે પૂરક આવકનો શ્રેષ્ઠ સ્ત્રોત બની શકે છે."

મહેન્દ્રભાઈ પાસે હાલની સ્થિતિએ ૨૦થી વધુ દૂધણી ગાયો છે, જે રોજનું સરેરાશ ૧૨૦ લીટર જેટલું અમૃત જેવું દૂધ આપે છે. દૂધ અને તેમાંથી બનતા શુદ્ધ ઘીની સુવાસ દૂર-દૂર સુધી ફેલાયેલી છે. ગાયના દૂધ, ઘી અને ખાતરના વેચાણથી તેઓ મહિને લગભગ રૂપિયા ૨.૫ થી ૩ લાખની કમાણી તો કરે જ છે, સાથે-સાથે તબેલામાં કામ કરતા અન્ય બે પરિવારોને પણ રોજગારી આપીને તેમનો ચૂલો પણ મહેન્દ્રભાઈએ સળગતો રાખ્યો છે.

મહેન્દ્રભાઈએ હવે માત્ર દૂધ ઉત્પાદન જ નહીં, પણ ગીર ઓલાદના સાંઢ દ્વારા પશુ સંવર્ધનની દિશામાં પણ મોટું કદમ ઉઠાવ્યું છે. તેઓ હવે ગીર ગાય અને ગીર સાંઢથી પોતાના તબેલામાં ઓલાદ સુધારણા અને દૂધ ઉત્પાદકતા વધારવાની દિશામાં પણ કામ કરી રહ્યા છે. તેમની આ નિષ્ઠાને બિરદાવતા ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા મહેન્દ્રભાઈ પટેલની ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ પશુપાલક તરીકે પસંદગી કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે આવતીકાલે પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે મહેન્દ્રભાઈ પટેલને ગાંધીનગર જિલ્લાના શ્રેષ્ઠ પશુપાલક તરીકે સન્માનિત કરવામાં આવશે. જે માત્ર મહેન્દ્રભાઈનું નહીં, પણ પશુ અને માનવી વચ્ચેના અતૂટ વિશ્વાસનું સન્માન હશે. - નિતિન રથવી

# અમદાવાદ મંડળ દ્વારા રેલવે પરિસરમાં થૂંકવા અને ગંદકી ફેલાવનાર મુસાફરો/લોકો સામે કડક કાર્યવાહી




પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૧૯૮ અંતર્ગત રેલ પરિસરમાં સ્વચ્છતા જાળવવા તથા મુસાફરોમાં જાગૃતિ વધારવાના હેતુથી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

- આ અભિયાન અંતર્ગત રેલવે પરિસરમાં થૂંકવા અને ગંદકી ફેલાવનાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અત્યાર સુધી કુલ ૨૩૩૦ કેસોમાં કાર્યવાહી કરીને રૂપિયા ૫,૦૫,૭૦૭/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.
- તેમજ માત્ર ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ૨૫૦ કેસોમાં કાર્યવાહી કરીને રૂપિયા ૫૯,૧૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

રેલ પ્રશાસન મુસાફરોને અપીલ કરે છે કે રેલવે પરિસર અને ટ્રેનોમાં ગંદકી ન ફેલાવે તથા સ્વચ્છતા સંબંધિત નિયમોનું પાલન કરે. સ્વચ્છ રેલવે અને સુરક્ષિત રેલવેના નિર્માણ માટે સૌનો સહકાર આવશ્યક છે.

### વન વિભાગ દ્વારા મૃતક વનકર્મીના પરિવારને જરૂરી તમામ સહાય તાત્કાલિક ચૂકવાશે

# વિસાવદરના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન વન કર્મી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની ઘટના બદલ દુઃખ વ્યક્ત કરતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણના રેસ્ક્યુ દરમિયાન કર્મચારી અશરફભાઈ ચૌહાણના મૃત્યુની દુઃખદ ઘટના સામે આવી છે. જેને અત્યંત દુઃખદ ગણાવતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પીડિત પરિવાર પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ સમગ્ર બનાવની તપાસ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢના નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમરને સોંપવામાં આવી છે. વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ મૃત્યુ પામનાર કર્મચારી શ્રી અશરફભાઈ અલીભાઈ ચૌહાણના પરિવારને મળવાપાત્ર નાણાકીય સહાય ઉપરાંત મુખ્યમંત્રી રાહત ફંડમાંથી સહાય ચુકવાય તે દરખાસ્ત કરવાના વન વિભાગને આદેશ આપ્યા છે.

આ અંગે વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની મોણપરી ગામમાં સિંહણ દ્વારા એક બાળક પર હુમલો કરી મૃત્યુ નિપજાવવાની દુઃખદ ઘટના સામે આવી હતી. આ ગામ ગીર પશ્ચિમ વિભાગ, જૂનાગઢ હેઠળની વિસાવદર રેન્જની ગ્રાસ રાઉન્ડની માણંદીયા બીટના કાર્યક્ષેત્રમાં આવે છે. આ નાની મોણપરી ગામના ખેડૂત ખાતેદાર શ્રી પરસોત્તમભાઈ વાલજીભાઈ વઘાસીયાના ખેતરમાં મજુરી કામ કરતા શૈલેષભાઈ સોમાભાઈ પારગીના પુત્ર શિવમ શૈલેષભાઈ પારગી (ઉ.વ.૪) તા. ૦૪/૦૧/૨૦૨૬ ના રોજ વાડીએ આવેલ મકાનની બાજુમાં રમતો હતો, તે દરમિયાન સવારે ૧૦-૩૦ કલાકે અચાનક વન્યપ્રાણી સિંહણ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સિંહણ બાળકને તુવેરના પાકમાં ઢસડી ગયેલ જે દરમિયાન બાળકનું મૃત્યુ થયું હતું.

જેને લઈને આ સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં હુમલો કરનાર સિંહણ માદાને પકડીને સ્થળાંતર કરવાની કાર્યવાહી વિસાવદર રેન્જના સ્ટાફ તથા વેટનરી ઓફિસરશ્રી, સાસણની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. જે તુવેરના ખેતરમાં સિંહણને પકડવા માટે ટ્રેક્વીલ્કાઈઝ્સ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યારે ટ્રેંકવીલાઈઝર ગનમાંથી છોડવામાં આવેલ ડાર્ટ તુવેરના છોડમાં ફસાઈને દિશા બદલતા રેસ્ક્યુ કામગીરીમાં જોડાયેલ અશરફભાઈ અલીભાઈ ચૌહાણ (રહે. રજપરા, ઉ.વ. ૩૦) ના ડાબા હાથમાં કોણીથી ઉપરના ભાગે વાગી હતી. જેથી તેમને સારવાર માટે પ્રથમ વિસાવદર સરકારી હોસ્પિટલ ખાતે સરકારી વાહનમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી ૧૦૮ મારફતે વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખેસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે વહેલી સરવાર સારવાર દરમિયાન તેમનું દુઃખદ મૃત્યુ થયું છે.

મૃતક અશરફભાઈ અલીભાઈ ચૌહાણ ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢ હેઠળની વિસાવદર રેન્જમાં છેલ્લા બે વર્ષથી વન્યપ્રાણી અવલોકન, રેસ્ક્યુ સહિતની કામગીરી માટે ટ્રેકર તરીકે ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી અંતર્ગત કાર્યરત હતા. તેમના પરિવારને નાણાકીય સહાય મળી રહે તે માટે સ્વ. શ્રી વિશાણા મેમોરીયલ, ગીર ફોરેસ્ટ સ્ટાફ વેલ્ફેર એસોશીએશન સાસણ (ગીર) સહકારી મંડળીમાંથી મળવાપાત્ર રૂ. પાંચ લાખ ચુકવવામાં આવશે. આ ઉપરાંત ટ્રેકર માટે લેવામાં આવેલ અકસ્માત વિમાની રકમ રૂ.૧૦ લાખ વારસદારને ચૂકવવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે. વધુમાં મુખ્યમંત્રી રાહતફંડમાંથી પણ સહાય મળે તે માટે દરખાસ્ત મોકલવા વન વિભાગના અધિકારીઓને મંત્રીશ્રી દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

આ અંગે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, એક વનકર્મીનું ફરજ દરમિયાન આ રીતે અકસ્માતે મૃત્યુ થવાની ઘટના સમગ્ર વન વિભાગ માટે આઘાતજનક છે. આ દુઃખદ ઘડીમાં વન વિભાગની સમગ્ર ટીમ મૃતકના પરિવારજનો સાથે છે અને તેમને શક્ય તમામ પ્રકારની તાત્કાલિક મદદ મળી રહે તે માટે વન વિભાગ દ્વારા જરૂરી તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ગુજરાતના પશુપાલકોની મહેનતને મળશે પ્રોત્સાહનઃ ગાંધીનગર ખાતે તા. ૬ જાન્યુઆરીના રોજ યોજાશે 'શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ' વિતરણ સમારોહ

### પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાના હસ્તે શ્રેષ્ઠ પશુપાલકોને સન્માનિત કરાશે

ગુજરાતની ગ્રામીણ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પશુપાલન વ્યવસાયને વધુ વેગ આપવા અને પશુપાલકોના કૌશલ્યને બિરદાવવા માટે તા. ૬ જાન્યુઆરીના રોજ ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી **(NFSU)** ખાતે 'શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ' વિતરણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજ્યના પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને પશુપાલન રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહીને વિજેતાઓને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરશે. આધુનિક ટેકનોલોજી અને પશુ સંવર્ધનની પરંપરાગત પદ્ધતિઓના સંગમ દ્વારા જે પશુપાલકોએ દૂધ ઉત્પાદન અને પશુ સ્વાસ્થ્ય ક્ષેત્રે નવા માપદંડો સ્થાપિત કર્યા છે, તેમને આ મંચ પરથી પ્રોત્સાહિત કરવામાં આવશે. રાજ્યના શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના હેઠળ રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર પશુપાલકોને એવોર્ડની સાથે-સાથે પ્રોત્સાહન માટે ક્રમશઃ રૂ. ૧,૦૦,૦૦૦, રૂ. ૫૧,૦૦૦ અને રૂ. ૩૧,૦૦૦ની પ્રોત્સાહક રાશિ પણ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત દરેક જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પણ પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનાર પશુપાલકોને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. જેમાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવનાર પશુપાલકને રૂ. ૨૫,૦૦૦ અને દ્વિતીય ક્રમે આવનાર પશુપાલકને રૂ. ૨૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિ આપવામાં આવશે. તેવી જ રીતે, તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કરનાર પશુપાલકને રૂ. ૨૦,૦૦૦ અને દ્વિતીય ક્રમ હાંસલ કરનાર પશુપાલકને રૂ. ૧૦,૦૦૦ની પ્રોત્સાહક રાશિ આપવામાં આવશે. આમ, શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર યોજના અંતર્ગત આવતીકાલે રાજ્ય કક્ષાએ વિજેતા બનેલા કુલ ૩, જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા કુલ ૬૬ અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા કુલ ૪૯૬ પશુપાલકો મળી સમગ્ર રાજ્યના કુલ ૫૬૫ પશુપાલકોને કુલ રૂ. ૯૧,૦૦,૦૦૦થી વધુની પ્રોત્સાહક રાશિ એનાયત કરવામાં આવશે. - નિતિન રથવી

# સુરેન્દ્રનગરના જમીન કૌભાંડમાં સસ્પેન્ડ કરાયેલા આરોપી કલેકટર રાજેન્દ્ર પટેલને બચાવવા પાટીદારો મેદાનમાં




પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરના ૧૫૦૦ કરોડના જમીન કૌભાંડામાં સંકળાયેલા પુર્વ કલેકટર રાજેન્દ્ર પટેલને બચાવવા પાટીદાર સમાજ મેદાને આવ્યો છે. ગુજરાતી અધિકારીઓના પડખે પાટીદાર સમાજ આવ્યો છે.

સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલને ફસાવવામાં આવતા હોવાના આક્ષેપ સમાજ દ્વારા કરાયો છે ત્યારે આ અંગે આજે માંડલના એક ગામ ખાતે પાટીદાર સમાજની સભા અને રેલીનુ આયોજન કરાયુ હતું. જેમાં ભાગેડુ લગ્ન પ્રથાના વિરોધમાં કાયદો બનાવવા સમાજે માંગ કરી હતી. તેમજ નોન ગુજરાતી અધિકારીઓ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને ગુજરાતી અધિકારીઓને ટાર્ગેટ કરવામાં આવતી બાબતને લઈને વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. રામપુરા ત્રણ રસ્તા માંડલથી મામલતદાર ઓફીસ માંડલ સુધીનુ રેલીનુ આયોજન કરાયુ હતું. જેમાં પાટીદાર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. નોન ગુજરાતી અધિકારીઓ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર સામે પાટીદાર સમાજનો વિરોધ કરાયો હતો. ગુજરાતી અધિકારીઓને ટાર્ગેટ કરવામાં આવતા હોવાના આક્ષેપો કરાયા હતા તેમજ નોન ગુજરાતી અધિકારીઓ દ્વારા જમીન કૌભાંડ આચરવામાં આવતા હોવાના આક્ષેપો કરાયા હતા.

સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલના કેસ અને ધરપકડ માં કલેકટરને ફસાવવામાં આવતા હોવાના આક્ષેપો મુકાયા હતા. ભ્રષ્ટ મહેલમાં અને સીધો માણસ જેલમાં, પાટીદાર સમાજ આ બીલકુલ નહી ચલાવી લે, ભ્રષ્ટ લોકો સામે ઈડી કેટલા સમયમાં કામ કરે તે જોઈએ તેવી વાત કરવામાં આવી હતી. સસ્પેન્ડ કલેકટર રાજેન્દ્ર પટેલ માંડલ ગામના વતની છે,

પાટીદાર નેતા ગીતા પટેલે કહ્યુ કે પરશોત્તમ સોલંકી અને હીરાભાઈ સોલંકી બે ભાઈ છે, પરશોત્તમ સોલંકી સાથે ઘટના બની અને પરશોત્તમ સોલંકીએ સરકારને ચેલેન્જ આપી અધિકારીની બદલીની અને પોતે વિસ્તારમાં પહોચ્યા અને અધિકારીની બદલી થઈ આપણે આ ઘટના પરથી શીખ લેવી જોઈએ, તો પાટીદાર નેતા મનોજ પનારાએ કહ્યુ કે આજે દિકરી માટે જ નહી દિકરા માટે નિકળ્યા છીએ. દિકરો સ્વમાન અને અભિમાન છે, જેને બચાવવો પડશે, માત્ર સંસ્થા ખોલવાથી ફરક નહી મળે, સમાજના લોકોનુ રક્ષણ કરવુ પડશે, મોરબીમાં યુવા સંઘ ચલાવીએ છીએ કે કોઈ દિકરીની છેડતી કરી શકે કે મિલ્કત પચાવી શકે, માંડલ વાસીને તકલીફ હોય તે અમે તમારી સાથે છીએ, ગુજરાતમાં પાટીદાર તમારી સાથે છે, આ ગામમાં લુખ્ખા કે ગુંડા હોય તે નામચીન હોય તો તેવા સામે લડવા તૈયાર છીએ. પાટીદાર સમાજે અનામત અપાવ્યુ, ઓનલાઈન ગેમ નાબુદ કરાવી, ઓનલાઈન ગેમીંગના કારણે બાથરૂમમાં કે સુતા પછી રમે અને નાણાં ગુમાવે છે,

હીરો અને હીરોઈનની એડ કરતા હોય છે, માત્ર વાત નહી, સરકાર સામે લડીએ છીએ, માંગ્યા વગર મા પણ ન પીરસે તો કામ કરવુ પડશે, આપણી લડાઈ આપણા દિકરા અને દિકરી માટે છે. તો વરૂણ પટેલે કહ્યુ કે પાટીદારનો દિકરો સુરેન્દ્રનગર કલેકટર રાજેન્દ્ર પટેલ જેની સાથે અન્યાય થયો, દિકરીઓ ભાગી જાય માટે લડત આપીએ છીએ, દિકરી સાથે હવે દિકરાને બચાવવાની મુહીમ શરૂ કરીએ, દુધના ધોયેલા ગાંધીનગર બેઠા નથી, હું મામલતદાર કચેરીએ રેલી કાઢીશ, મામલતદાર કચેરીએ જઈશુ, દિકરીની લડાઈ છે તો પહેલા મહિલા અને બાદમાં પુરુષો હશે, સમાજનો પ્રશ્ન આવે તો કોઈ રાજકીય નહી પણ સમાજ રીતે આગળ વધીએ.

# મોરબી સહિત ગુજરાતમાં ખાનગી વીજ કંપનીના વીજ પોલ માટે ખેડુતોને એક પોલ દીઠ રૂ.૨ કરોડનુ વળતર આપવાની ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિની માંગ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ આજે મોરબી ખાતે જિલ્લા ના ખેડુતો દ્વારા રેલી યોજી કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર આપવાના છે. ત્યારે જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી ખાનગી વીજ કંપનીની વીજ લાઈનોને પાથરવા માટે જે વીજ પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે તેના માટે ખેડુતોને એક વીજ પોલ દીઠ ૨ કરોડ રૂપીયા આપવામાં આવે, માસિક ૫૦ હજાર રૂપીયા ભાડુ આપવામાં આવે તે સહિતની માંગ કરવામાં આવશે.

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ સર્કિટ હાઉસ ખાતે આજે સોમવારે ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના આગેવાન ડાહ્યાભાઈ ગજેરા, પાલભાઈ આંબલીયા, મહેશભાઈ રાજકોટીયા, પ્રવિણભાઈ સહિતના અગ્રણીઓની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં પાલભાઈ આંબલીયાએ જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાતના જુદા જુદા જિલ્લાઓની અંદર હાલમાં ખાનગી વીજ કંપનીઓ દ્વારા સોલાર વીજ લાઈન તથા વીન્ડ વીજ લાઈન પાથરવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જેથી કરીને ખેડુતોના ખેતરોમાં વીજ પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે. ત્યારે ખેડુતોને વન ટાઈમ સેટલમેન્ટના ભાગરૂપે એક પોલ દીઠ ૨ કરોડ રૂપીયા આપવામાં આવે તથા તેઓને માસિક ૫૦ હજાર રૂપીયા જેટલુ ભાડુ આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવશે. તેમજ સરકાર દ્વારા જે પરીપત્રો કરવામાં આવ્યા છે તેને ધ્યાનમાં લેવાને બદલે તેને અવગણીને ખેડુતોને જે મહામુલી વળતર ચુકવવામાં આવે છે તેના બદલે ખેડુતોને રાજસ્થાન સરકારે જે રીતે બજાર કિંમત કરતા ચારગણુ વળતર ચુકવવા માટેનો પરીપત્ર કર્યો છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ ખેડુતોને ચાર ગણુ વળતર ચુકવવામાં આવે તે સહિતની વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર આપવામાં આવશે.

મોરબી, જામનગર સહિત ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી ખેડુતો આ કાર્યક્રમમાં હાજર રહેવાના છે તેવી માહિતી ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના આગેવાનો દ્વારા આપવામાં આવી છે.

## આરોપીએ અરવલ્લી જિલ્લાના ભિલોડામાં કિશોરીને બિનવારસી છોડી મુકતા પોલીસ ની તપાસ તેજ

# વડોદરાના મકરપુરા વિસ્તારમાં ચીઠ્ઠી લખી ૧૪ વર્ષની કિશોરીએ ઘર છોડયું: મારે ભણવુ નથી, પોલીસ તપાસમાં અપહરણ અને દુષ્કર્મ કેસ બહાર આવ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાંથી ઘર છોડીને ગયેલી ૧૪ વર્ષની કિશોરીના અપહરણ અને દુષ્કર્મનો ગંભીર મામલો બહાર આવ્યો છે. ધો. ૮ માં અભ્યાસ કરતી કિશોરીએ મારે ભણવુ નથી, તમારી જોડે રહેવુ નથી, હું મારી મરજીથી જઉ છું, તેવી ચીઠ્ઠી લખીને ઘર છોડયુ હતું. પરંતુ પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે કે તેને લગ્નની લાલચ આપી અપહરણ કરવામાં આવ્યુ હતું. મારે ભણવુ નથી, મળતી માહિતી મુજબ કિશોરી ગઈ તારીખ ૨૦ ના રોજ ઘરેથી નિકળી ગઈ હતી. જતા પહેલા તેણે પરીવાર માટે ચીઠ્ઠી લખી હતી. જેમાં સ્કુલમાંથી એલ સી લઈ લેવા અને તે પોતાની મરજીથી એકલી રહી જશે તેવુ જણાવ્યુ હતું. પરીવારજનોએ પોતાની રીતે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ ભાળ ન મળતાં મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન કિશોરી અરવલ્લી જિલ્લાના ભિલોડા પોલીસ સ્ટેશનમાંથી મળી આવી હતી. કિશોરીની પુછપરછ માં બહાર આવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જેશીંગપુરા ગામનો રહેવાસી મયુર અળખાભાઈ કટારાએ તેને લગ્ન કરવાની લાલચ આપી ટ્રકમાં શામળાજી લઈ ગયો હતો. ત્યારબાદ આરોપી તેને પોતાના વતન લઈ ગયો અને પછી ભિલોડા પોલીસ સ્ટેશન પાસે મુકી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ૧૪ વર્ષની કિશોરીનુ અપહરણ અને દુષ્કર્મનો આરોપી ઝડપાયો હતો. કિશોરી નાબાલીક હોવાને કારણે પોલીસે કેસમાં પોકસો એકટ તેમજ બળાત્કારની ગંભીર કલમો ઉમેરતા મામલો વધુ સંવેદનશીલ બન્યો છે. મકરપુરા પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને અન્ય માહિતીના આધારે આરોપી મયુર અળખાભાઈ કટારાને ઝડપી લીધો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાએ નાબાલીકોની સુરક્ષા અને શિક્ષણ પ્રત્યે જાગૃતિની જરૂરીયાતને ફરી એકવાર ઉજાગર કરી છે. પોલીસે કિશોરીને સુરક્ષિત આશ્રયમાં મોકલી આગળની તપાસ શરૂ કરી છે.

# પાટણ જિલ્લાના સાંતલપુર મામલતદારે ધમકી અને બ્લેકમેઈલીંગ થી કંટાળી ઝેરી દવા ગટગટાવી : મામલતદાર પાલનપુર હોસ્પીટલમાં સારવાર હેઠળ



પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના સાંતલપુર મામલતદાર તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ તુજાજી પંડયાએ પોતાને ૬ લોકોની ગેંગ માનસિક ત્રાસ આપતી હોવાનો વિડીયો અને સ્યુસાઈડ નોટ લખી ગઈ કાલે રાત્રે ૩ થી ૪ વાગ્યાની આસપાસ પોતાના ગામ થરાદના વજેગઢમાં ઝેરી દવા ગટગટાવી લેતા તેઓને તાત્કાલીક પાલનપુર હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને હાલમાં તેઓ સારવાર હેઠળ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. આ મામલે થરાદ પોલીસને બનાવની જાણ થતા થરાદ મામલતદાર સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો અને તપાસ શરૂ કરી હતી. મામલતદાર પંડયા એ દવા ગટગટાવતા પહેલા લખેલી સ્યુસાઈડ નોટમાં પોતાના ભાણેજ સહિત ૬ લોકોના નામનો ઉલ્લેખ કર્યો છે. તેમજ વિડીયોમાં પણ આ ૬ લોકોની ગેંગ માનસિક ત્રાસ આપતી હોય અને ફોટા બતાવી રૂપીયા ૨૦ લાખની માંગણી કરતી હોવાનો આક્ષેપ કર્યો છે. સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ મુજબ જેના નામનો ઉલ્લેખ કરાયો છે તેમાં કિશન બેચરભાઈ પંડયા, તુલસી અનીલભાઈ, અનીલ પ્રજાપતિ, માનસિંગ ગોવાભાઈ દરજી અને એની દિકરી સોનલ અને આશારામભાઈ મહારાજ નામ લેખીતમાં લખેલા છે. આ બધાયે કાવતરૂ રચી ત્રાસ આપ્યો છે, હું માનસિક રીતે હવે કંટાળેલો હોઈ હવે મારી કોઈ જીવવાની આશા ન હોઈ આમની ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવા તેમણે સ્યુસાઈડ નોટમાં જણાવ્યુ છે.

# બગદાણા હુમલા કેસમાં કોળી સમાજના દિગ્ગજ નેતાઓએ મુખ્યમંત્રીને રજુઆત કરતા મુખ્યમંત્રીએ ન્યાય અપાવવાની આપી ખાત્રી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાવનગર જિલ્લાના મહુવા સ્થિત પ્રખ્યાત બગદાણા ગુરૂ આશ્રમના સેવક પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાએ સમગ્ર રાજયમાં ભારે ચકચાર જગાવી છે. આ હાઈ પ્રોફાઈલ કેસમાં હવે એક મોટો વળાંક આવ્યો છે.

રાજય સરકાર અને પોલીસ વિભાગ દ્વારા આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. પોલીસના ૫ ઉચ્ચ અધિકારીઓની બનેલી આ કમિટી હવે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરશે. ઉલ્લેખનીય છે કે આશ્રમના સેવક નવનીતભાઈ બાલધીયા પર ૮ જેટલા શખ્સો દ્વારા ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો જેમાં જાણીતા લોક સાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર પર હુમલો કરાવવાનો ગંભીર આરોપ લાગી રહ્યો છે. આ ઘટના બાદ સમગ્ર પંથકમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. આ મામલો હવે સામાજિક અને રાજકીય સ્તરે પણ ગરમાયો છે. ભોગ બનનાર યુવક કોળી સમાજનો હોવાથી સમાજના આગેવાનોમાં ભારે નારાજગી જોવા મળી છે. જેના પડઘા ગાંધીનગર સુધી પડયા છે.

પરશોત્તમ સોલંકી, કુંવરજી બાવળીયા, હિરાભાઈ સોલંકી અને નિમુબેન બાંભણીયા સહિતના કોળી સમાજના દિગ્ગજ નેતાઓ, ધારાસભ્યો અને સાંસદોએ આજે સોમવારે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે રૂબરૂ બેઠક કરી હતી. આ બેઠક અગાઉ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સાથે પણ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી અને ન્યાયની ખાત્રી આપવામાં આવી છે. આ બેઠકમાં ભાજપ ઉપરાંત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કોળી સમાજના અગ્રણીઓ પણ પક્ષના ભેદભાવ ભુલીને એક સાથે જોવા મળ્યા હતા. કાયદાકીય કાર્યવાહીની વાત કરીએ તો નવનીત બાલધીયા પર થયેલા હુલમાને પોલીસે ગંભીરતાથી લીધો છે. અગાઉ નોંધાયેલી પોલીસ ફરીયાદ માં હવે સુધારો કરીને ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૦૯ નો ઉમેરો કરવામાં આવ્યો છે. હાલમાં ઈજાગ્રસ્ત નવીન બાલધીયા મહુવાની હનુમંત હોસ્પીટલમાં સારવાર હેઠળ છે. પરીસ્થિતિની ગંભીરતા અને તંગદીલીને જોતા પોલીસે હોસ્પીટલ પરીસરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે જેથી કોઈપણ પ્રકારની અઘટીત ઘટના ન બને. એક તરફ ભાજપના નેતાઓ આરોપીઓને કડક સજા અપાવવાની ખાત્રી આપી રહ્યા છે તો બીજી તરફ વિપક્ષ દ્વારા રાજયની કાયદો અને વ્યવસ્થાની સ્થિતી પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

# મહેસાણા કલેકટરના છુટયા આદેશ: મુખ્યમંત્રી લગ્નમાં આવે છે રખડતા કુતરા અને ઢોરનુ ધ્યાન રાખશો: મહેસાણા કલેકટર ટીડીઓને લગાડયા ધંધે




પ્રતિનિધિ,ગાંધીનગર

સોમવારે મુખ્યમંત્રી કડી તાલુકાના વેકરા ગામમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપશે. મુખ્યમંત્રીના આગમનને પગલે સ્થાનિક તંત્ર અત્યારથી કામે લાગી ગયુ છે. મુખ્યમંત્રીના કાફલા વચ્ચે રખડતા કુતરા અને ઢોર આવી ન જાય તે માટે મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી અને કડી પાલિકાના ચીફ ઓફીસરને જવાબદારી સોંપાઈ છે.

થોડાક દિવસો અગાઉ જ તલાટીઓને રખડતા કુતરા ગણવાની કામગીરી સોંપાઈ હતી જેના પગલે તલાટીઓએ એટલી હદે ભડકયા હતા કે વિરોધ પ્રદર્શન સાથે રેલી યોજવા સુધી સરકારને ચીમકી આપી દીધી હતી. આખરે સરકારને નમતુ જોખવુ પડયુ હતું અને પરીપત્ર પાછો ખેંચવો પડયો હતો. આ વિવાદ માંડ શમ્યો છે ત્યાં જ સોમવારે કડી તાલુકાના વેકરા ગામે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એક લગ્ન સમારોહમાં હાજરી આપવા આવવાના છે. મુખ્યમંત્રીના આ કાર્યક્રમને પગલે મહેસાણા જિલ્લા તંત્ર દોડતુ થયુ છે. મહેસાણા કલેકટરે ટીડીઓ અને કડી પાલિકાના ચીફ ઓફીસરને જાણ કરી છે કે મુખ્યમંત્રીના કોન્વોય ના રૂટ વચ્ચે રખડતા કુતરા, પશુઓ આવી ન જાય તેનુ ધ્યાન રાખવાનુ છે, આ ઉપરાંત રોડ રસ્તામાંથી બમ્પ દુર કરવા અને રોડની બંને બાજુએ બેરીકેટ લગાડવાની કામગીરી સોંપાઈ છે. લગ્ન પ્રસંગે લાઈટ ન જાય તેનુ ખાસ ધ્યાન રાખવા ઉત્તર ગુજરાત વીજ કંપનીના સુપ્રિટેન્ડેન્ટ એન્જીનીયરને તાકીદ કરવામાં આવી છે. લગ્નમાં મહાનુભાવોને પીરસવાની વાનગીઓનુ પણ ચેકીંગ કરવા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને સુચના અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે આજ કડી માં રેલી વખતે આખલો દોડતા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને પગે ઈજાઓ પહોચી હતી. જેનુ પુનરાવર્તન ન થાય તેને લઈ તંત્રને દોડતુ કરી દેવામાં આવ્યુ છે.

# ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય: જમીન દફતરની જિલ્લા કક્ષાની કચેરીઓનુ હવે તાલુકા મથકે થશે વિકેન્દ્રીકરણ



**હવે તાલુકામાં ડીઆઈએલઆર, સીટી સર્વે સુપ્રિ., હક્ક ચોકસી અધિકારી, સર્વે મામલતદાર, મદદનીશ એકત્રીકરણ અધિકારી સહિતની ઓફીસો થશે શરૂ**

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મહેસુલ વિભાગ અને જમીન દફતર ખાતામાં વહિવટી સરળતા લાવવા અને સામાન્ય જનતાના કામો ઝડપથી થાય તે હેતુથી ગુજરાત સરકારે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. જમીન દફતર ખાતાની જિલ્લા કક્ષાની વર્ગ ૨ ની કચેરીઓનુ હવે વિકેન્દ્રીકરણ કરીને તેમને તાલુકા કક્ષાએ કાર્યરત કરવામાં આવશે. આ નિર્ણયને મુખ્યમંત્રી દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે. સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક બીજલ શાહ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર ડીઆઈએલઆર (જિલ્લા નિરીક્ષક જમીન દફતર ), સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ, હક્ક ચોકસી અધિકારી, સર્વે મામલતદાર, મદદનીશ એકત્રીકરણ અધિકારી સહિતની ઓફીસો હવે તાલુકા મથકે શરૂ થશે, નવા આદેશ મુજબ દરેક તાલુકા કક્ષાએ જમીન દફતર ખાતાની વર્ગ ૨ ની એક કચેરી કાર્યરત થશે. આ કચેરીમાં રેકોર્ડ રૂમ, વર્ગ ૨ ના અધિકારીની ચેમ્બર, સીનીયર સર્વેયર અને સર્વેયર મળીને અંદાજીત ૧૮ થી ૨૦ કર્મચારીઓ માટેની બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થા માટે જગ્યાની પસંદગી કરવા માટે તમામ જિલ્લા કલેકટરોને સુચના આપી દેવામાં આવી છે. જગ્યાની પસંદગી માટે ની અગ્રતા નકકી કરવામાં આવી છે. તાલુકા કક્ષાએ હાલ ઉપલબ્ધ જમીન દફતર ખાતાની પોતાની કચેરી પ્રથમ અગ્રતા અપાશે, જયારે તાલુકા સેવાસદન અથવા અન્ય સરકારી કચેરીઓમાં ખાલી જગ્યા કે દ્વિતિય પસંદગી અપાશે, જયારે જો સરકારે જગ્યા ઉપલબ્ધ ન હોય તો જ ભાડાની જગ્યાનો વિકલ્પ વિચારાશે તેને અગ્રતા ત્રીજા ક્રમે અપાશે. કલેકટરોએ આગામી ૭ દિવસમાં આ અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી સેટલમેન્ટ કમિશ્નરની કચેરીને અહેવાલ સુપ્રત કરવાનો રહેશે. અત્યાર સુધી જમીન માપણી, સીટી સર્વે કે હક્ક ચોકસી જેવા કામો માટે ગ્રામિણ જનતાએ જિલ્લા મથકે ધકકા ખાવા પડતા હતા. હવે આ કચેરીઓ તાલુકા કક્ષાએ આવવાથી લોકોના સમય અને નાણાંની બચત થશે. જમીન સંબંધીત વિવાદો અને માપણીની કામગીરીમાં ઝડપ આવશે, સ્થાનિક સ્તરે જ અધિકારીઓની ઉપલબ્ધતા વધશે.

# આંકલાવ તાલુકાના અંબાવ ગામમાં ખેડુત ભરબજારે ભડભડ જીવતો સળગતો હતો અને કમળના ચિન્હવાળી ગાડીમાંથી શુટીંગ થતુ હતુ

**ભાજપના રાજમાં ગુંડાઓ બેફામ : અંબાવ ગ્રામ પંચાયતના ભ્રષ્ટાચાર સામે લડતા ખેડુતને જીવતો સળગાવવાની ઘટનાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત**




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાવ ગામમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ લડાઈ લડવા જતા ગામના સરપંચ અને તેના પરીવારે ભરત પઢીયાર નામના ખેડુતને જીવતો સળગાવી દેવાના ગંભીર આરોપ લાગ્યા છે. ભરતભાઈએ પોતે આ નિવેદન હોસ્પીટલના બિછાનેથી આપ્યુ છે. પોતાને ભર બજારે પેટ્રોલ છાંટી જીવતો સળગાવી દેવાનો પ્રયાસ થયો હોવાનુ જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા પીડીત ભરત પઢીયારે જણાવ્યુ હતું. આ કમકમાટી ભર્યા દ્રશ્યો એક ગાડીમાં કેદ થઈ રહ્યા હતા, તે ગાડીમાં ભાજપના ચિન્હ કમળ લટકતુ જોવા મળ્યુ હતું. આ વાત ભારે ચર્ચાસ્પદ બની છે, વડોદરાની સયાજી હોસ્પીટલમાં ગંભીર રીતે દાઝી ગયેલા ભરત પઢીયારે મીડીયા કર્મીઓને પણ પોતાને સરપંચ પરીવારે પેટ્રોલ છાંટી જીવતો સળગાવ્યો હોવાનુ નિવેદન આપ્યુ હતું. પોલીસે આંકલાવના અંબાવ ગામના મહિલા સરપંચ સહિત ૫ લોકો વિરૂધ્ધ હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સયાજી હોસ્પીટલના બીછાને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા ભરતભાઈ પઢીયારે જણાવ્યુ હતુ કે તેમના ગામ અંબાવ ગ્રામ પંચાયતમાં ચાલતા ભ્રષ્ટાચારની ફરીયાદ કરાયા બાદ પણ કોઈ નિવેડો નહી આવતા પ્રેસમાં આ અંગે ઈન્ટરવ્યુ આપતા જ સરપંચ પરીવાર ઉશ્કેરાયો અને તેમને જીવતા દિવાસળી ચાંપી દીધી. આ સમયે તેઓ લોટ દળાવવા ચકકી ઉપર ગયા હતા ત્યારે ગામના સરપંચ કોકીલાબેન, તેમના પતિ દીનેશભાઈ, પુત્ર નિલેશભાઈ , રાજેશભાઈ અને તેમનો એક ભત્રીજો ઈકો ગાડી લઈને આવ્યા અને પોતાને માર મારતા ગામની વચ્ચે લઈ જવાયા, જયાં કોકીલાબેને તેમને પકડી રાખ્યા અને નિલેશભાઈએ તેમની ઉપર પેટ્રોલ છાંટયુ જયારે રાજેશભાઈએ દિવાસળી ચાંપી દીધી હતી અને દિનેશભાઈએ લાત મારી પાડી દઈ આગ લગાડીને તેઓ ભાગી ગયા હતા.

દરમિયાન ગંભીર રીતે દાઝી ગયેલા ભરતભાઈ પઢીયારને વડોદરાની સયાજી હોસ્પીટલમાં એડમીટ કરાયા હતા. ભરતભાઈ પઢીયારે હોસ્પીટલના બીછાનેથી આપેલા આ પ્રકારના નિવેદનને લઈ ભારે ચકચાર મચી જવા પામી છે. આ ગંભીર પ્રકારના બનાવના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. ત્યારે ભાજપના રાજમાં કાયદો અને વ્યવસ્થા જાણે ખાડે ગઈ છે અને ભાજપના ચિન્હવાળી ગાડીઓ ઠેર ઠેર જોવા મળી રહી છે. બધે જાણે ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે.